## ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રિઝ અને મુકુલ માધવ ફાઉન્ડેશનની પહેલ

# અભોરના સ્મશાનગૃહમાં શેડ, શૌચાલયની સુવિધા ઉભી કરાઈ

ભાસ્કર ન્યૂઝ | પાદરા

પાદરા તાલુકાના અભોર ગામે સ્મશાનગૃહ સુવિધાઓમાં નોંધપાત્ર વિકાસ કરાયો છે. ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા આ પ્રોજેક્ટ પૂર્ણ કરી અપગ્રેડ થયેલી સુવિધાઓનું સન્માનપૂર્વક હસ્તાંતરણ કરાવાયું હતું.

આ વિકાસ કાર્ય અંતર્ગત સ્મશાનગૃહમાં બેઠકો માટે શેડ, શૌચાલય, કાંટાળી તારની વાડ, લાકડાં સંગ્રહ માટે સ્ટોરરૂમ તેમજ સોલાર લાઈટ્સ જેવી આધુનિક સુવિધાઓ ઉભી કરાઈ છે. આ પ્રસંગે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવતું કામ માત્ર વિકાસ પૂરતું સીમિત નથી, પરંતુ સમાજના સંવેદનશીલ મુદ્દાઓને પણ સ્પર્શે છે. આવી પહેલો ગામના જીવનસ્તરને સુધારવામાં



મહત્વપૂર્ણ સાબિત થાય છે. અભોર ગામના સરપંચ અલ્પેશભાઈએ જણાવ્યું હતું કે, આ અમારી ગામની લાંબા સમયથી બાકી રહેલી જરૂરિયાત હતી. હવે ગામલોકોને અંતિમવિધિ માટે ગૌરવપૂર્ણ અને સુવિધાસભર સ્થળ મળ્યું છે. અમે સંસ્થાનો દિલથી આભાર માનીએ છીએ.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય કમલેશભાઈ પરમાર, ઉપસરપંચ મયુરભાઈ, પૂર્વ સરપંચ મનોજ પટેલ તેમજ ફિનોલેક્સ અને મુકુલ માધવ ફાઉન્ડેશન તરફથી સંજય રોમન, કલ્પેશભાઈ પરમાર, સચિન ભાટીયા અને નિતુલ બારોટ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.